**કલમ–૪(૧)(બી)(૪) :– પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો :–**

વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ ધ્વારા સુરત મહાનગરપાલિકાના જુદા–જુદા વિભાગો, ઝોન ઓફિસો તેમજ ઝોન ઓફિસોના તાબા હેઠળની વોર્ડ ઓફિસો તેમજ મહાનગરપાલિકાનાં હેલ્થ સેન્ટરો, મેટરનીટી હોમ તથા હોસ્પીટલોમાં ફરજ બજાવતા કર્મચારીઓની હાજરી તેમજ યુનિફોર્મની ચકાસણી તદઉપરાંત આરોગ્ય ખાતાની વોર્ડ ઓફિસ ખાતે રાખવામાં આવતા જંતુનાશક દવાનાં સ્ટોકની ચકાસણી તથા હેલ્થ સેન્ટરો, દવાખાનાઓ ખાતે રાખવામાં આવતા દવાના સ્ટોકની ચકાસણી તેમજ કામદારો ધ્વારા કરવામાં આવતી ફિલ્ડની કામગીરીઓની ચકાસણી વિ. કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના જુદા–જુદા વિભાગો/ઝોનો ધ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીઓનું ચેકીંગ, કામની ગુણવત્તા, ટેન્ડર સ્પે. મુજબનો અમલ તથા વપરાશ કરવામાં આવતા માલ સામાનની ગુણવત્તાની ચકાસણીની કામગીરી કરવામાં આવે છે. મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગો, સરકારશ્રીના જુદા–જુદા વિભાગો, પદાધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ તથા જાહેર જનતા તરફથી આવતી ફરિયાદો/અરજીઓ અન્વયે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.